ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૭.૧૦.૨૦૧૭

**"ગુજરાત ગૌરવ યાત્રા"**
'૧ થી ૧૫ ઓક્ટોબર'
'હું છું વિકાસ, હું છું ગુજરાત'

-----------

**આવતીકાલે તારીખ ૮, ઓક્ટોબરે ગુજરાત ગૌરવ યાત્રા, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્ર ઝોનના સુરેન્દ્રનગર અને મોરબી જીલ્લામાં તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં ઉત્તર ગુજરાતના અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જીલ્લામાં ગુજરાતના ગૌરવને વધાવશે તેમજ પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.**

-----------

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૮ ઓક્ટોબરના રોજ ગુજરાત ગૌરવ યાત્રા, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્ર ઝોનના સુરેન્દ્રનગર અને મોરબી જીલ્લામાં તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં ઉત્તર ગુજરાતના અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જીલ્લામાં ગુજરાતના ગૌરવને વધાવશે તેમજ પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્ર ઝોનના સુરેન્દ્રનગર અને મોરબી જીલ્લામાં ૪ વિધાનસભા ક્ષેત્રોમાં ૧૫૮ કિલોમીટર અંતર કાપશે, તે દરમ્યાન ચોટીલા, વાંકાનેર, મોરબી અને પડધરી ખાતે જાહેરસભા યોજાશે તથા ૯ સ્થાનો પર પ્રજાજનો દ્વારા સ્વાગત થશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત ગૌરવ યાત્રા ઉત્તર ગુજરાત ઝોનમાં અમદાવાદ, મહેસાણા તથા ગાંધીનગર જીલ્લામાં ૭ વિધાનસભા ક્ષેત્રોમાં ૨૧૪ કિલોમીટરનો પ્રવાસ કરશે તેમજ ધોળકા, બાવળા, સાણંદ, વિરમગામ, કડી, કલોલ અને ગાંધીનગર ખાતે જાહેરસભા યોજાશે તથા ગૌરવ યાત્રાનું ૯ સ્થાનો પર પ્રજાજનો દ્વારા આવકાર - સ્વાગત થશે અને ગૌરવ યાત્રા પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૭.૧૦.૨૦૧૭

**જીએસટીમાં રાહતોની જાહેરાત ગઇકાલે કરવામાં આવી છે તેને સમગ્ર દેશમાં અને બધા જ વ્યાપારી વર્ગોમાં ખૂબ જ આવકાર મળી રહ્યો છે. - શ્રી રવિશંકર પ્રસાદ**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાનીમાં દેશની અર્થ વ્યવસ્થામાં માળખાગત અને નીતિગત ફેરફાર થઇ રહ્યો છે - શ્રી રવિશંકર પ્રસાદ**

-----------

**નાના વેપારીઓની દર મહીને રિટર્ન ભરવાની જગ્યાએ ત્રિમાસિક રિટર્ન ભરવાની માંગણીને સ્વીકારવામાં આવી છે.** -----------

**સર્વસમાવેશક વિકાસને આગળ વધારવામાં શ્રીનરેન્દ્રભાઇ મોદીની દ્રષ્ટિ હંમેશાથી રહી છે.**

-----------

**વૈશ્વિક નાણાંકીય સંસ્થાઓએ ભારતની અર્થવ્યવસ્થાના વખાણ કર્યા છે અને વિશ્વમાં સૌથી ઝડપથી વધી રહેલી અર્થવ્યવસ્થા ગણાવી છે**

-----------

કેન્દ્રીય કાયદા અને આઇ.ટી. મંત્રીશ્રી રવીશંકર પ્રસાદે આજે ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ'' ખાતે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતુ કે, જીએસટીમાં રાહતોની જાહેરાત ગઇકાલે કરવામાં આવી છે તેને સમગ્ર દેશમાં અને બધા જ વ્યાપારી વર્ગોમાં ખૂબ જ આવકાર મળી રહ્યો છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાનીમાં દેશની અર્થ વ્યવસ્થામાં માળખાગત અને નીતિગત ફેરફાર થઇ રહ્યો છે. અનૌપચારિક અર્થવ્યવસ્થા ઔપચારિક અર્થવ્યવસ્થામાં બદલાઇ રહી છે. ટેક્ષચોરીની જગ્યાએ લોકોની ટેક્ષ આપવાની પ્રવૃત્તિ વધી રહી છે. કાળા ધનનું સર્જન અટકે અને સફેદ ધનનું સર્જન થાય તેવા મહત્તમ પ્રયાસો થઇ રહ્યા છે.

જીએસટીની ચર્ચા દસ વર્ષથી થઇ રહી હતી. પ્રધાનમંત્રીશ્રી અટલબિહારી વાજપેયીજીના સમયમાં જીએસટીની ચર્ચા થઇ હતી પરંતુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજીને જીએસટી બીલ મંજુર કરવામાં બધા રાજકીય પક્ષોનું સમર્થન મળ્યું છે. દેશની રાજનીતિમાં ટકરાવ હોય છે. છતાં બધા રાજકીય પક્ષોને એકમત કરવામાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને સફળતા મળી છે. દેશની અર્થવ્યવસ્થામાં આટલા મોટા પાયે જ્યારે સકારાત્મક ફેરબદલ થતો હોય ત્યારે નાની-મોટી તકલીફો આવે તે સ્વાભાવિક છે.

૯૦ ટકા નાના વેપારીઓ ૧૦ ટકા જીએસટી ચૂકવે છે અને ૧૦ ટકા જેટલા મોટા વેપારીઓ ૯૦ ટકા જીએસટી ભરે છે ત્યારે, નાના વેપારીઓની દર મહીને રીટર્ન ભરવાની જગ્યાએ ત્રિમાસિક રિટર્ન ભરવાની માંગણી હતી, જે નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજીના અધ્યક્ષ સ્થાને મળેલ જીએસટી કાઉન્સિલમાં સ્વીકારવામાં આવી છે. યાર્ન અને ટેક્સટાઇલ ઉદ્યોગમાં રાહત આપવામાં આવી છે. હવેથી બે લાખ રૂપિયા સુધીની સોનાની ખરીદીમાં પાનકાર્ડની જરૂર નહી રહે. ૨૭ જેટલી આઇટમોમાં દર ઘટાડવામાં આવ્યો છે. આયુર્વેદિક દવાઓ કરોડો લોકો વાપરે છે તેનો દર ઘટાડીને સામાન્ય વપરાશકર્તાઓને સરકારે રાહત આપી છે.

શ્રી રવીશંકર પ્રસાદે દેશની અર્થવ્યવસ્થા અંગે ચર્ચા કરતાં જણાવ્યું હતુ કે, ભારતની અર્થવ્યવસ્થાનો આધાર મજબૂત છે. ફૂગાવાનો દર, વિદેશી મૂડી રોકાણ, નાણાકીય ખાધ જેવા સૂચકાંકના આધારે કોઇપણ દેશની અર્થવ્યવસ્થાનું આકલન કરી શકાય છે. યુપીએ અને એનડીએની સરકારના સમયમાં રહેલા આ સૂચકાંકોનો અભ્યાસ નીચે મુજબ છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

યુપીએના શાસનમાં વર્ષ ૨૦૧૩-૧૪માં ફુગાવાનો દર ૯.૪ ટકા હતો, જ્યારે એનડીએની સરકારમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ફુગાવાનો દર માત્ર ૩.૨ ટકા જ છે. નાણાકીય ખાદ્ય મનમોહનસિંહની સરકારમાં વર્ષ ૨૦૧૧-૧૨માં ૫.૯ ટકા, વર્ષ ૨૦૧૩-૧૪માં ૪.૫ ટકા હતી જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં અત્યારે માત્ર ૩.૨ ટકા જ છે. વિદેશી રોકાણના સંદર્ભમાં જોઇએ તો, મનમોહનસિંહની સરકારમાં ૩૦૪ બીલીયન ડોલર એટલે કે આશરે ૩૦ હજાર કરોડ ડોલર હતુ, જ્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનાશાસનમાં વિદેશી રોકાણ ૪૦૨ બીલીયન ડોલર એટલે કે ૪૦ હજાર કરોડ ડોલર છે. એમ, ૧૦ હજાર કરોડ ડોલરનો જંગી વધારો નોંધાયેલ છે. મૂડી રોકનાર કોઇપણ વ્યક્તિ કે દેશ પોતાના નાણાની સલામતિ પ્રથમ જોતા હોય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં દુનિયાના બધા જ દેશોને ભરોસો બેઠો છે. આઇ.ટી. ક્ષેત્ર, રોડ-રસ્તા, ટેલિકોમ, ફુડ પ્રોસેસીંગ, એનર્જી સેક્ટર, પેટ્રોલ, વિમા વગેરે ક્ષેત્રોમાં વિદેશી રોકાણ ખૂબ મોટા પ્રમાણમાં આવી રહ્યું છે. સર્વસમાવેશક વિકાસને આગળ વધારવામાં શ્રીનરેન્દ્રભાઇ મોદીની દ્રષ્ટિ હંમેશાથી રહી છે.

નોટબંધીથી આવકના માધ્યમની માહિતી મળી રહી છે. ૨ લાખ કંપનીઓના રજીસ્ટ્રેશનને રદ કરવામાં આવ્યા છે અને તેમની વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ૧૦૪ જેટલી મોબાઇલ મેન્યુફેક્ચરીંગ કંપનીઓ દેશમાં આવી છે. ૧૫ કરોડ લોકોને મુદ્રા યોજના સહિત વિવિધ યોજના અંતર્ગત લોન આપવામાં આવી છે જેના કારણે ખૂબ જ મોટી સંખ્યામાં રોજગારીઓનું સર્જન કરવામાં મોદી સરકાર સફળ રહી છે.

વિદેશોની અનેક વૈશ્વિક સંસ્થાઓએ ભારતની અર્થવ્યવસ્થાના વખાણ કર્યા છે અને વિશ્વમાં સૌથી ઝડપથી વધી રહેલી અર્થવ્યવસ્થા ગણાવી છે.

રાહુલ ગાંધી કહે છે કે, તેમની સરકારોની યોજનાઓ છે, તેનો ઉત્તર આપતા શ્રી રવીશંકર પ્રસાદે જણાવ્યું હતુ કે, મનમોહનસિંહની સરકારમાં ત્રણ વર્ષમાં માત્ર ૩૫૮ કિલોમીટર ઓપ્ટીકલ ફાઇબર દેશભરમાં પાથરવાનું કામ થયું હતુ જ્યારે, અત્યારે એન.ડી.એ.ની સરકારમાં ત્રણ વર્ષમાં ૨ લાખ ૫૦ હજાર જેટલા કિલોમીટર ઓપ્ટીકલ ફાઇબર કેબલ પથરાઇ ચૂક્યા છે. રાહુલ ગાંધી કહે છે કે, પેટ્રોલ, જીએસટીમાંથી કેમ બાકાત રાખવામાં આવ્યું? તે સંદર્ભે પ્રતિક્રિયા આપતાં શ્રી પ્રસાદે જણાવ્યું હતુ કે, રાહુલ ગાંધીએ હોમવર્ક કરવાની જરૂર છે. જીએસટી કાઉન્સીલમાં દરેક રાજ્યોના નાણા મંત્રીઓ ઉપસ્થિત હોય છે. તેઓ સાથે બેસીને નિર્ણયો કરતા હોય છે. કોંગ્રેસ શાસિત રાજ્યોના નાણામંત્રીઓ પણ આ બધા જ નિર્ણયોમાં હાજર હતા, તો રાહુલ ગાંધી જીએસટી અંગેનો કોઇપણ પ્રશ્ન કોંગ્રેસ શાસિત રાજ્યના નાણામંત્રીઓને પુછે.

બીજા એક પ્રશ્નના જવાબમાં શ્રી પ્રસાદે જણાવ્યું હતુ કે, બેંકોને લોન આપવાના નિયમો હોય છે, તેમ છતા વિજય માલ્યાને લોન અપાવવામાં કોનો હાથ હતો ? તેનો ખુલાસો શ્રીમતી સોનીયા ગાંધીએ કરવો જોઇએ.

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૭.૧૦.૨૦૧૭

# "ગુજરાત ગૌરવ મહાસંમેલન"

**હું છું વિકાસ, હું છું ગુજરાત**

-----------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની ઉપસ્થિતિમાં તારીખ ૧૬ ઓક્ટોબરે ગુજરાત ગૌરવ મહાસંમેલન ભાટ - ગાંધીનગર મુકામે યોજાશે.**

-----------

**આવતી કાલે પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે વ્યવસ્થાની પ્રદેશ બેઠક**

-----------

**ગુજરાત ગૌરવ મહાસંમેલનમાં સાત લાખથી વધુ કાર્યકરો ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવશે.**

-----------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની ઉપસ્થિતિમાં તારીખ ૧૬ ઓકટોબરે યોજાનાર "ગુજરાત ગૌરવ મહાસંમેલન"ની તૈયારીના ભાગરૂપે પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની ઉપસ્થિતિમાં આવતી કાલે તારીખ ૮ ઓકટોબરના રોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે બપોરે ૩.૦૦ કલાકે "પ્રદેશ બેઠક"નું આયોજન કરવામાં આવેલ છે.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યું હતુ કે, ગુજરાત ભાજપા સંગઠન દ્વારા સમગ્ર રાજ્યમાં ગુજરાતીઓના ગૌરવ અને અસ્મિતા માટે ગુજરાત ગૌરવ યાત્રાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. તારીખ ૧ ઓકટોબરે કરમસદ ખાતેથી અને તારીખ બીજી ઓકટોબરે પોરબંદર ખાતેથી ગુજરાત ગૌરવ યાત્રાનો રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની ઉપસ્થિતિમાં શુભારંભ થયો હતો. ગુજરાત ગૌરવ યાત્રા સમગ્ર રાજ્યભરમાં ૫૦૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડશે. રાજ્યની ૧૪૯ વિધાનસભા બેઠકોમાં આ યાત્રાઓ પરિભ્રમણ કરશે. બંને યોત્રાઓના સમાપન પ્રસંગે તારીખ ૧૬ મી ઓકટોબરના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી, માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ તેમજ રાષ્ટ્રીય અને પ્રદેશ અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહીને આશરે ૭ લાખથી વધુ ભાજપાના દેવતુલ્ય કાર્યકરોને સંબોધન કરશે.

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ